Acknowledgement

# નિવેદન

"અર્વાચીન ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ," એ વિષય વિશેનો આ મહાનિબંધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તથા પ્રાચ્યવિદ્યામંદિરના નિયામક પ્રો. ડૉ. ભોગીલાલ સાંડેસરાના માર્ગદર્શન તળે તૈયાર કરવામાં આવ્યો છે. મારી રુચિના આ વિષય ઉપર કામ કરવાનો મને આનંદ આવ્યો છે. વિષયને નિમિત્તે ૧૮૪૫ થી માંડીને અદ્યતનકાળ સુધીનો ગુજરાતી કવિતાનો પ્રવાહ મને જોવા મળ્યો છે. શ્રી સુન્દરમ્‌ની "અર્વાચીન કવિતા"માં નોંધાયેલા નાનામોટા લગભગ બધા જ કવિઓની કવિતા વાંચી-વિલોકીને એની સાથે તાદાત્મ્ય અનુભવવાનો આ સહવર્તી લાભ ખરેખર મોટો જ કહેવાય.

પ્રસ્તુત મહાનિબંધના લેખનમાં ઉપયોગી બને તેવાં પુસ્તકો, સામયિકો આદિ અમદાવાદ, વલ્લભવિદ્યાનગર તથા વડોદરાનાં ~~ગુજરાત~~ વિવિધ ગ્રંથાલયોમાંથી મેં મેળવેલાં છે. એમાં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની કોપીરાઇટ લાયબ્રેરી તથા ગુજરાત વિદ્યાસભા-ની લાયબ્રેરીમાં વાચન-લેખનની સગવડ કરાવી આપવા માટે હું આચાર્યશ્રી યશવંત શુક્લનો અંતરથી આભાર માનું છું.

મહાનિબંધની તૈયારી દરમિયાન મને કિંમતી માર્ગદર્શન આપવા માટે હું પ્રો. ડૉ. ભોગીલાલ સાંડેસરાનો ખૂબ આભારી છું. આ મહાનિબંધને તૈયાર કરવામાં થયેલા ભારે વિલંબને એમણે જો અપાર ધીરજપૂર્વક નિભાવી ન લીધો હોત તો ભાગ્યે જ એ પૂર્ણ થઇ શક્યો હોત એમ લાગ્યા વિના રહેતું નથી.

-: :-

આ પ્રકારનાં કામો ગુરુજનો તથા આપ્તજનોની પ્રેરણા, સહાય અને હૂંફ વિના ભાગ્યે જ પૂરાં થાય, એવું મને લાગે છે. એવાં ગુરુજનો તથા આપ્તજનોની સહાયનું સ્મરણ મને આનંદવશ તથા આભારવશ બનાવે છે.

મારા મિત્ર પ્રા. કે. બી. ઠાકરે થીસિસના કાર્યમાં વિવિધપ્રકારે મૂલ્યવાન સહાય આપી છે તે માટે હું કૃતજ્ઞતા તથા હર્ષની લાગણી અનુભવું છું. મારા એક સમયના વિદ્યાર્થી તથા હાલના કાર્યસંગી પ્રા. મગનભાઇ પટેલની મદદ માટે પણ હું એમનો ઋણી છું, વડોદરાના રમણીકરાય શ્રી. દેસાઈનો પણ હું આભારી છું.

ગુજરાતી ટાઇપરાઇટરની કેટલીક મર્યાદાઓને કારણે તથા ટાઇપ કરતી વખતે થયેલી કેટલીક ભૂલોને પરિણામે જોડણીમાં થોડી મુશ્કેલીઓ ઊભી થયેલી છે, તે જોઇ શકાશે. એને સુધારવાનો યથાશક્ય પ્રયાસ કર્યો જ છે; આમ છતાં, ટાઇપ અંગેની આવી કેટલીક ભૂલોને ક્ષંતવ્ય ગણવાની વિનંતી છે.

દિલાવરસિંહ જાડેજા

દિલાવરસિંહ જાડેજા.

તા. ૨૧-૨-૧૯૬૫

વલ્લભવિદ્યાનગર.